Published Date:	19 Sep 2026	Publication:	Financial Express (Gujarati) [Ahmedabad]
Journalist:	Kushan Shah	Page No:	21
Circulation:	23,997		

ખાતાઓની સંખ્યામાં પણ 30 લાખ વધીને ૧૦ કરોડને પાર

મિડ અને સ્મોલ કેપમાં તેજીથી પાંચ મહિનામાં એસઆઈપી રોકાણ ૧૫ ટકા વધીને રૂ. ૧.૫૮ લાખ કરોડ

કુશાન શાહ
મુંબઈ, તા. ૧૮

મિડ- અને સ્મોલ-કેપ શેરોમાં આવેલી મજબૂત તેજીએ નાણાકીય વર્ષ ૨૦૨૭માં સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) મારફતે રોકાણનો પ્રવાહ જાળવી રાખ્યો છે, જ્યારે બેન્ચમાર્ક સૂચકાંકોમાં ગતિનો અભાવ જોવા મળ્યો છે.મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ પાંચ મહિનામાં એટલે કે ઓગસ્ટ સુધીમાં એસઆઈપી મારફતે રૂ. ૧.૫૮ લાખ કરોડનું યોગદાન મેળવ્યું છે, જે વાર્ષિક ધોરણે ૧૫ ટકા વધુ છે. આ સમયગાળા દરમિયાન એસઆઈપીમાં યોગદાન આપતા ખાતાઓની સંખ્યામાં પણ ૩૦ લાખનો વધારો થયો છે અને તે ૯.૭૨ કરોડથી વધીને ૧૦.૦૨ કરોડ થઈ છે.

પશ્ચિમ એશિયાના સંઘર્ષ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના નાણાં પાછા ખેંચવાના પગલાં વચ્ચે વ્યાપક બજારના પ્રમાણમાં નબળા પ્રદર્શનની સામે એસઆઈપીના પ્રવાહમાં સ્થિરતા નોંધપાત્ર રહી છે.૧૫ સપ્ટેમ્બર સુધી નાણાકીય વર્ષ ૨૦૨૭માં બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટી ૫૦માં અનુક્રમે માત્ર ૨.૮૬ ટકા અને ૩.૫૩ ટકાનો વધારો થયો હતો.

બજારના સહભાગીઓ એસઆઈપી



બુકના સતત વિસ્તરણનું કારણ નાણાકીય જાગૃતિમાં વધારો, ડિજિટલ પહોંચના વિસ્તરણ અને બજારના વિવિધ ચક્રો દરમિયાન રોકાણ જાળવી રાખવાની રિટેલ રોકાણકારોની વધતી વૃત્તિને ગણાવે છે. ટાટા એએમસીના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ આનંદ વરદરાજને જણાવ્યું હતું કે ડિજિટલ પહોંચના વિસ્તરણ અને રોકાણકારોમાં જાગૃતિ લાવવાના અભિયાનથી એસઆઈપી યોગદાનમાં વધારો થયો છે.

આ પ્રયાસોથી રોકાણકારોની બજારના વિવિધ ચક્ર અંગેની સમજણમાં પણ સુધારો થયો છે. તેમણે આ વલણ ચાલુ રહેવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. યુટીઆઈ એએમસીના હેડ ઓફ સેલ્સ પેશોતન દસ્તૂરે જણાવ્યું હતું કે એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (એમ્ફી) અને ફંડ હાઉસ દ્વારા હાથ ધરવામાં આવેલી જાગૃતિની પહેલો ઉપરાંત ફિનટેક પ્લેટફોર્મના ઉદભવથી સમગ્ર દેશમાં નવા રોકાણકારો સુધી મ્યુચ્યુઅલ ફંડની પહોંચ થઈ છે. મોતીલાલ ઓસવાલ એએમસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ બિઝનેસ ઓફિસર અખિલ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે વ્યાપક વિતરણ નેટવર્ક પણ રોકાણકારોને માર્ગદર્શન આપવામાં મદદ કરી છે. તેના કારણે ઘણા રોકાણકારોએ બજારમાં તાજેતરમાં આવેલા ઘટાડાનો ઉપયોગ પોતાના રોકાણમાં વધારો કરવા માટે કર્યો છે.

જોકે, લાર્જ-કેપ અને વ્યાપક બજારના પ્રદર્શન વચ્ચેના તીવ્ર તફાવતે એસઆઈપીના પ્રવાહને વધુ વેગ આપ્યો છે.લાર્જ-કેપના બેન્ચમાર્ક સૂચકાંકોમાં નબળાઈ રહી છે, ત્યારે નાણાકીય વર્ષ ૨૦૨૭માં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં અનુક્રમે ૧૬ ટકા અને ૩૨ ટકાનો ઉછાળો આવ્યો છે. આ બંને કેટેગરીમાં એસઆઈપી મારફતે રોકાણનો હિસ્સો પણ ઊંચો છે.એમ્ફીના આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬માં મિડ-કેપ ફંડની કુલ સંપત્તિમાં એસઆઈપી સંપત્તિનો હિસ્સો ૪૭ ટકા અને સ્મોલ-કેપ ફંડની સંપત્તિમાં ૫૫ ટકા હતો.ચતુર્વેદીએ જણાવ્યું હતું કે લાર્જ-કેપ શેરોમાં મર્યાદિત વળતર અને મિડ- તથા સ્મોલ-કેપ શેરોમાં આવેલી તેજીના કારણે વધુ રોકાણકારો એસઆઈપી મારફતે આ સેગમેન્ટમાં રોકાણ કરવા પ્રોત્સાહિત થયા છે.

મિરાઇ એસેટ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ (ઇન્ડિયા)ના હેડ ઓફ ડિસ્ટ્રિબ્યુશન સુરંજન બોરથાકુરે જણાવ્યું હતું કે એસઆઈપી યોગદાનમાં જોવા મળતી મજબૂતી રોકાણકારોની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ફાળવણીના વલણમાં લાર્જ-કેપ યોજનાઓની તુલનામાં મિડ- અને સ્મોલ-કેપ ફંડ તરફ સ્પષ્ટ ઝોક જોવા મળી રહ્યો છે.